CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ મહા વદ -૨ મંગળવાર, તા.૦૩-૦૨-૨૦૨૬ અંક : ૧૭૯ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# ભારત યુએસ પાસેથી ૫૦૦ બિલિયન ડોલરની ખરીદી કરશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ વચ્ચે વાતચીત બાદ બન્ને નેતાઓએ વેપાર કરાર પર સહમતિ થઈ હોવાની જાહેરાત કરી



નવી દિલ્હી,

લાંબી વાટાઘાટો બાદ ભારત અને યુએસ વચ્ચે વેપાર કરાર થયો છે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈ કાલે સોમવારે કરારની જાહેરાત કરી હતી. ભારતે પણ આ કરારની પુષ્ટિ કરી છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક જાહેર નિવેદનમાં આ પગલાનું સ્વાગત કર્યું છે.

કરાર મુજબ યુએસ ભારત લગાવેલો ૨૫ ટકા રેસિપ્રોકલ ટેરીફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, બદલમાં ભારતની બજારમાં યુએસની પહોંચને સરળ બનાવવામાં આવી છે. ટ્રમ્પના જણાવ્યા મુજબ ભારત રશિયન પેટ્રોલીયમની ખરીદી બંધ કરવા તૈયાર થયું છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે ભારત યુએસના ઉત્પાદનોઓ પર ટેરિફ ઘટાડવા અને નોન-ટેરિફ અવરોધોને સપૂર્ણ પણે દુર કરવા તૈયાર છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, વડા પ્રધાન મોદીએ કહ્યું કે ટ્રમ્પ સાથેની વાતચીત "અદ્ભુત" ગણાવી અને યુએસમાં આયાત થતા ભારતના ઉત્પાદનો રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવા બદલ તેમનો આભાર માન્યો. જોકે, ભારત સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં રશિયન પેટ્રોલિયમની ખરીદી બંધ કરવા અંગે કોઈ ઉલ્લેખ નથી.

વેપાર કરાર અંગે અત્યાર સુધી મળેલી માહિતી:યુએસમાં ભારતીય ઉત્પાદનો પર રેસિપ્રોકલ ટેરિફ ૨૫% થી ઘટાડીને ૧૮% થશે યુએસ-ભારત વેપાર કરાર તાત્કાલિક અમલમાં આવશે ભારત યુએસ ૫૦૦ બિલિયન ડોલરથી વધુનો માલ ખરીદશેટ્રમ્પનાં દાવા મુજબ ભારત યુએસના ઉત્પાદનો પર ટેરિફ ઘટાડશે અને નોન-ટેરિફ અવરોધોને સંપૂર્ણ દુર કરશે

### અમેરિકાએ ટેક્સ ઘટાડી ૧૮ ટકા કર્યો

અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. આ સિવાય તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે. ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહીં ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી.

### શેરબજાર અને સોના ચાંદીના બજારમાં તેજી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પરના ટેરિફમાં ૧૮ ટકા ઘટાડો કરવાની જાહેરાત કરી, જેના પરિણામે ભારતીય બજારમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો. આજે શેરબજાર ખુલતા જ સેન્સેક્સ ૨,૫૪૬ પોઈન્ટથી વધુ વધ્યો, જ્યારે નિફ્ટી ઈન્ડેક્સ પણ ૭૨૪ પોઈન્ટ ઉછળ્યો.આ ઉપરાંત સોના ચાંદીના બજારમાં પણ તેજી જોવા મળી છે.આજે ચાંદીના ભાવમાં રૂ.૧૮૦૦૦ અને સોનાના ભાવમાં રૂ.૬૦૦૦ નો ઉછાળો જોવા મળ્યો હતો.

મહિનાઓ સુધી વાટાઘાટો બાદ આખરે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ છે. ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેલિફોનિક વાતચીત કરી. જે બાદ બંને નેતાઓએ સોશિયલ મીડિયા પર ટ્રેડ ડીલ અંગે જાહેરાત કરી. અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. બીજી તરફ તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે. ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહીં ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી.

# વસતી ગણતરીમાં જ્ઞાતિ અંગેના પુરાવા આપવા જરૂરી ? સુપ્રીમ કોર્ટનો સરકારને સવાલ

## વસ્તીગણતરી મામલે થયેલી જાહેર હિતની અરજી પર વિચાર કરવા સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકાર અને ભારતના રજિસ્ટ્રાર જનરલ તથા વસ્તીગણતરી કમિશનરને એ સૂચન પર વિચાર કરવા જણાવ્યું છે, જેમાં ૨૦૨૭ની વસ્તીગણતરીમાં જાતિની ગણતરી માત્ર 'સ્વ-ઘોષણા'ને બદલે એક ચોક્કસ પ્રણાલીના આધારે કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. વસ્તીગણતરીમાં નાગરિકોની જાતિ સંબંધિત વિગતો નોંધવા, વર્ગીકૃત કરવા અને તેને ચકાસવા માટે અપનાવવામાં આવતી પ્રક્રિયા પર સવાલ ઉઠાવતી જાહેર હિતની અરજી પર વિચાર કરવાનો ઈનકાર કરતા સુપ્રીમ કોર્ટે આ નિર્દેશ આપ્યો છે.

CJI સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરતા કહ્યું કે, "આમાં એક સુસંગત મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે, તેથી સક્ષમ સત્તાધિકારીઓએ વસ્તીગણતરી અધિનિયમ ૧૯૫૮ હેઠળ આ સૂચનો પર વિચાર કરવો જોઈએ." ખંડપીઠે અરજદાર અને શિક્ષણવિદ આકાશ ગોયલને જણાવ્યું હતું કે, જાતિ સંબંધિત આંકડાઓની ઓળખ માટે અગાઉથી નક્કી કરેલો કોઈ ડેટા નથી.

ખંડપીઠે વધુમાં જણાવ્યું કે, વસ્તીગણતરીની પ્રક્રિયા વસ્તીગણતરી અધિનિયમ, ૧૯૫૮ અને તે હેઠળ ૧૯૯૦માં બનાવવામાં આવેલા નિયમો મુજબ ચાલે છે. આ કાયદો પ્રતિવાદી સત્તાધિકારીઓને વસ્તીગણતરી કરવાની વિગતો અને પદ્ધતિઓ નક્કી કરવાની સત્તા આપે છે. કોર્ટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રજિસ્ટ્રાર જનરલ અને વસ્તીગણતરી કમિશનરની કચેરી કોઈપણ ભૂલ ટાળવા માટે નિષ્ણાતોની મદદથી એક મજબૂત વ્યવસ્થા વિકસાવી ચૂકી હશે.

ભારતની ૧૬મી રાષ્ટ્રીય વસ્તીગણતરી છે. તેની મુખ્ય વિશેષતાઓ અનુસાર ૧૯૩૧ પછી આ પ્રથમ વખત હશે જ્યારે વ્યાપક સ્તરે જાતિગત ગણતરીનો સમાવેશ કરવામાં આવશે. આ દેશની પ્રથમ સંપૂર્ણ ડિજિટલ વસ્તીગણતરી હશે. સુપ્રીમ કોર્ટે આ તમામ સૂચનો પર વિચાર કરવાના આદેશ સાથે અરજીનો નિકાલ કર્યો છે

# તિબેટીયન આધ્યાત્મિક નેતા દલાઈ લામાને ગ્રેમી એવોર્ડ મળવાથી ચીન ગુસ્સે

નવીદિલ્હી,

ચીને સોમવારે દલાઈ લામાને આપવામાં આવેલા ગ્રેમી એવોર્ડની નિંદા કરી. ચીનના વિદેશ મંત્રાલય દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. ચીને જણાવ્યું હતું કે તે તિબેટીયન આધ્યાત્મિક નેતાને "ચીન વિરોધી પ્રવૃત્તિઓ" માટે આપવામાં આવેલા આ સન્માનનો સખત વિરોધ કરે છે.લોસ એન્જલસમાં ૬૮મા વાર્ષિક ગ્રેમી એવોર્ડ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. દલાઈ લામા, તેનઝિન ગ્યાત્સોને સમારોહમાં ગ્રેમી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેનઝિન ગ્યાત્સોએ ગ્રેમી એવોર્ડ સમારોહમાં તેમના સ્પોકન-વર્ડ આલ્બમ, મેડિટેશન્સઃ ધ રિફ્લેક્શન્સ ઓફ હિઝ હોલિનેસ ધ દલાઈ લામા માટે બેસ્ટ ઓડિયો બુક, નેરેટર અને સ્ટોરીટેલિંગ રેકોર્ડિંગ કેટેગરીમાં તેમનો પહેલો ગ્રેમી એવોર્ડ જીત્યો હતો. દલાઈ લામાને એવોર્ડ પ્રાપ્ત થયા બાદ પ્રતિક્રિયા આપતા, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને ચીનના આરોપને પુનરાવર્તિત કર્યો કે ૯૦ વર્ષીય આધ્યાત્મિક નેતા ધર્મના નામે અલગતાવાદી પ્રવૃત્તિઓમાં સામેલ છે.

# દિલ્હીમાં વિસ્ફોટ થાય છે ત્યારે પોલીસ ક્યાં હોય છે ? અમે આવીએ છીએ ત્યારે દિલ્હી ગભરાઈ જાય છેઃ મમતા

## દિલ્હીમાં મમતા બેનર્જીની ગર્જના, બંગા ભવન તેમના લોકો અને એસઆઈઆર પ્રક્રિયાના પીડિતોને મળવા આવ્યા હતા, પરંતુ તેઓ તેમને મળવા દેતા ન હતા

નવીદિલ્હી,

દિલ્હીના બંગા ભવન પહોંચ્યા પછી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું, "દિલ્હી પોલીસ શું કરી રહી છે તે જુઓ. અમે તેમની ટીકા નહીં કરીએ કારણ કે તે તેમની ભૂલ નથી.

દિલ્હી પોલીસની બસ અહીં લાવવામાં આવી છે. અમારી ચૂંટણી પંચમાં એક બેઠક છે. અમે અહીં સત્તાવાર નિમણૂક સાથે આવ્યા છીએ." તેમણે કહ્યું કે ૧૫૦ લોકો મૃત્યુ પામ્યા છે. ઘણા પરિવારો અહીં આવ્યા છે જેમને મતદાર યાદીમાંથી દૂર કરવા અને તેમના અધિકારો છીનવી લેવા માટે મૃત બતાવવામાં આવ્યા હતા.

તેમણે પૂછ્યું, "જ્યારે દિલ્હીમાં વિસ્ફોટ થાય છે, ત્યારે દિલ્હી પોલીસ ક્યાં છે?" તેમણે કહ્યું, "જ્યારે અમે આવીએ છીએ, ત્યારે દિલ્હી ગભરાઈ જાય છે. જો અમે ઈચ્છતા હોત, તો અમે લાખો લોકોને લાવી શક્યા હોત. અમે જીંઈમાં મૃત જાહેર કરાયેલા ૫૦ લોકોને અહીં લાવ્યા છીએ. દિલ્હી પોલીસ કોઈનું રક્ષણ કરી શકતી નથી. દિલ્હીમાં હજુ પણ સામંતશાહી વ્યવસ્થા કાર્યરત છે.મમતાએ કહ્યું કે તે બંગા ભવનમાં પોતાના લોકોને મળવા અને દિલ્હી પોલીસના અત્યાચારો જોવા માટે આવી હતી. તેમણે કહ્યું કે જ્યારે ગૃહમંત્રી બંગાળ આવે છે, ત્યારે અમે તેમને રેડ કાર્પેટ આપીએ છીએ. પરંતુ જ્યારે અમે દિલ્હી આવીએ છીએ, ત્યારે તમે અમને બ્લેક કાર્પેટ આપો. તેમણે પૂછ્યું, "કૃપા કરીને બંગાળના લોકો પર થઈ રહેલા અત્યાચારોથી દૂર રહો જેમણે પોતાનો જીવ ગુમાવ્યો છે."

મમતાએ કહ્યું કે જો આ દેશમાં કોઈ લડશે નહીં, તો હું લડીશ, અમારી પાર્ટી લડશે. તેમણે કહ્યું કે બંગા ભવનમાં એક પ્રેસ કોન્ફરન્સ છે, શું દિલ્હીના લોકોને ખબર નથી કે બંગાળમાં શું થઈ રહ્યું છે? મને હમણાં જ માહિતી મળી છે અને મેં મારા કપડાં પણ બદલ્યા નથી.

# ઉત્તર પ્રદેશઃ યોગી સરકારે સંપત્તિ જાહેર કરવામાં નિષ્ફળ રહેલા ૬૮,૨૩૬ રાજ્ય કર્મચારીઓના પગાર રોકી દીધા

લખનૌ,

ઉત્તર પ્રદેશમાં યોગી સરકારે ૬૮,૨૩૬ રાજ્ય કર્મચારીઓના જાન્યુઆરી ૨૦૨૬ના પગાર રોકવામાં આવ્યા છે. રોકવાનું કારણ એ છે કે આ કર્મચારીઓએ તેમની સંપત્તિની વિગતો આપી નથી. ઉત્તર પ્રદેશમાં ૮૬૬,૨૬૧ રાજ્ય કર્મચારીઓ છે.

યોગી સરકારે રાજ્યના તમામ કર્મચારીઓને ૩૧ જાન્યુઆરી સુધીમાં તેમની સ્થાવર અને જંગમ સંપત્તિની વિગતો આપવાનો આદેશ આપ્યો હતો. કર્મચારીઓને ૩૧ જાન્યુઆરી સુધીમાં માનવ સંવિધ પોર્ટલ પર આ વિગતો અપલોડ કરવાની ફરજ પાડવામાં આવી હતી, પરંતુ ૬૮,૨૩૬ કર્મચારીઓએ તેમની સંપત્તિની વિગતો આપવામાં નિષ્ફળ રહ્યા હતા, જેના કારણે તેમના પગાર રોકી દેવામાં આવ્યા હતા.

તેમની સંપત્તિ જાહેર કરવામાં નિષ્ફળ રહેલા કર્મચારીઓમાં સૌથી વધુ ૩૪,૯૨૬ કર્મચારીઓ વર્ગ -૩ના છે. આમાંથી ૨૨,૬૨૪ વર્ગ -૨ના કર્મચારીઓ, ૭૨૪ વર્ગ-૧ ના કર્મચારીઓ અને ૨,૬૨૮ વર્ગ" ના કર્મચારીઓ છે. યોગી સરકારનો સંદેશ સ્પષ્ટ છેઃ જ્યાં સુધી રાજ્યના કર્મચારીઓ તેમની સંપત્તિની વિગતો પ્રદાન નહીં કરે, ત્યાં સુધી તેમના પગાર જાહેર કરવામાં આવશે નહીં. યોગી સરકારના આ નિર્ણયથી રાજ્યના કર્મચારીઓમાં ખળભળાટ મચી ગયો છે.

નિષ્ણાતો એમ પણ કહે છે કે પગાર રોકવો એ સરકાર દ્વારા અંતિમ પગલું નથી. જો રાજ્યના કર્મચારીઓ ટૂંક સમયમાં સરકારને તેમની મિલકતની વિગતો નહીં આપે તો તેમની સામે વિભાગીય કાર્યવાહી કરવામાં આવશે.

